# ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ


**બલરામ મંદિર પરીસર**
**સેકટર–૧૨/ડી,ઘ–રોડ**
**ઉમીયા મંદિર સામે, ગાંધીનગર**
**ફોન:–૦૭૯ ૨૩૨ ૨૧૯૭૬ / ૨૩૨ ૨૪૯૧૬**

**Email-bksgujarat1985@gmail.com / Website-www.bksgujarat.org.in**


---

અખબારી યાદી તા.૧૦/૧/૨૦૧૭

પ્રતિશ્રી,તંત્રીશ્રી.....

- **વાયબ્રન્ટ ગુજરાતમાં ભારતીય કિસાન સંઘની ટેકાના ભાવે તત્કાલ તુવેર ખરીદી અને આડેધડ નવિન પરિપત્રથી વીજચેકીંગ બંધ કરવા માંગણી.**
- **મગફળીની રેકોર્ડબ્રેક ખરીદી બદલ અભિનંદન આપીને તુવેર માટે સંઘની રજુઆત.**
- હાલમાં માર્કેટયાર્ડોમાં તુવેર ના પાકના ભાવો ટેકાના ભાવથી પણ ખૂબ જ નીચા હોઈ કિસાનોને આર્થિક નુકશાન સહન કરવુ પડી રહેલ છે.જે અંગે આજ રોજ રાજયના કૃષિમંત્રીશ્રી ને પત્ર પાઠવીને તેમજ કૃષિ નિયામકશ્રીને રૂબરુ મળી ને પ્રદેશ અધ્યક્ષ શ્રી મગનભાઈ પટેલ ,તેમજ મહામંત્રીશ્રી વિઠલભાઈ દુધાત્રા એ રજુઆત કરી ને તુવેર ના પાકની હરાજી ટેકાના ભાવથી જ શરૂ થાય અને ટેકાના ભાવથી ખરીદીની તત્કાલ વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.
- નોટબંધીને કારણે ખેડૂતોને શાકભાજી ,ટમેટા,બટાકા, રીંગણા વગેરે પાકો ખેડૂતોએ ફેંકી દેવા પડયા તેમજ પડયા પર પાટુ સમાન હાલમાં ચાલી રહેલ વીજ ચેકીંગના બહાને ખેડૂતોના ખેતરે જઈ વીજકંપની ધ્વારા નવિન કિસાન વિરોધી પરિપત્ર કરીને લોડ વધારાના બહાને કમરતોડ વીજબીલ ઝીંકી ને ખેડૂતોને મુશ્કેલીમાં મુકવામાં આવી રહયા છે.તેનો પણ ભા.કિ.સંઘ વિરોધ કરીને તત્કાલ ચેકીંગ નવીન પરિપત્રના આધારે બંધ કરવા તાકિદ કરી છે.
- ખેડૂતોના ઘરમાં જયારે પણ ઉત્પાદન આવે છે.કે તરત જ ભાવો તળીયા તોડીને નીચે જતા રહે છે.ચોમાસુ મગફળી ની જે હાલત થઈ તેવીજ હાલત તુવેર તેમજ મગ ની થઈ છે.તુવેરના ભાવ ટેકાના રૂા.૧૦૧૦/–૨૦ કીલોના છે. જે હાલ ૫૦૦ થી ૮૦૦ રૂપીયા ૨૦ કીલો વેચાય રહી છે.જયારે મગ ટેકાના ભાવ રૂા.૧૦૪૫/– ૨૦ કીલો ના છે.તે ૭૭૦ થી ૯૦૦ રૂા.માં વેચાય રહયા છે.

ભવદીય,
(વિઠલભાઈ દુધાત્રા)
પ્રદેશ મહામંત્રી,
ભારતીય કિસાન સંઘ,
ગુજરાત પ્રદેશ